ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# શહેરના ભાવિ પત્રકારોની નજરે પાણીનો પડકાર

ગાંધીનગર, તા.૨૧

'પાણી છે તો જીવન છે' માટે આપણે પાણીનું ટીપે ટીપું બચાવી આપણા ભવિષ્યને બચાવવું જોઈએ તેવા વિચારો વ્યકત કરી પ્રજાજનોને પાણી બચાવોનો સંદેશ આપતા તાલીમી પત્રકારોનો પ્રયાસ સરાહનીય છે. ભાવિ પત્રકારોના વિચારો તેમના જ શબ્દોમાં....

● પાણી અનિવાર્યતા છે જીવનની. પાણીના ટીપાં માટે વલખા મારતા જનોને જાણીએ ત્યારે જણાય કે આ 'પાણી નહી જીવન અમૃત છે' વેડફવું કેમ પોસાય? પાણીના ઉપયોગની પ્રાથમિકતા નક્કી કરી પ્રથમ પીવાનું, ઘરવપરાશ, કૃષિ બાદ ઉદ્યોગો કે રીવરફ્રન્ટ જેવી જગ્યાએ વાપરવું જોઈએ. માત્ર દેખાડા ખાતર પાણીનો સરકારી કે વ્યકિતગત દુરુપયોગ ટાળવો જોઈએ. વહીવટી અણઘડતાને કારણે વહી જતા પાણીને અટકાવવું



જોઈએ. નાગરિક તરીકે આપણે પણ જયાં ઘુંટડાથી ચાલે તેમ હોય ત્યાં લોટો પાણી ન વાપરવું જોઈએ.

**- રાણા યુવરાજસિંહ જે.**

● જળ એ જ જીવન છે. પૃથ્વી પર પીવાલાયક પાણી ખુબ જ ઓછું છે. શરીરમાં પણ ૭૦ ટકા પાણી છે. અનાજ પણ પાણી વિના થઈ શકતું નથી આથી આપણે પાણીને સમજી વિચારીને જ વાપરવું જોઈએ.

આ માટે શાળા કક્ષાએથી પાણીનું મહત્વ સમજાવવું



જોઈએ તેમજ વ્યય કરનાર માટે આકરી સજા પણ હોવી જોઈએ.

**- દવે સેજલ**

● સરકારે ચોમાસાના



પાણીને બચાવવું જોઈએ, તેનું યોગ્ય મેનેજમેન્ટ કરવું જોઈએ. ખેતીમાં આધુનિક ટેકનોલોજી અપનાવવી જોઈએ. ઘરોમાં વોટર ફ્રી યુરીનલ બનાવવા જોઈએ. દરેક ઘરમાં વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા કરવામાં આવે તેમજ વેસ્ટ પાણીનું શુધ્ધીકરણ કરી ફરી ઉપયોગમાં લેવું જોઈએ.

**- હિતેશ રાવલ**

● પાણીની તંગી



આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળે છે. પાણી બચાવવાના પ્રયત્નો થાય છે પણ તે અપુરતા છે. આજ રીતે વેડફાટ ચાલુ રહેશે તો ૨૦૨૫ સુધી પીવાનું પાણી પણ આપણને મળવાનું નથી. આમાંથી બચવા માટે આપણાથી શરુ કરી સરકાર સુધી તમામે સહિયારા પ્રયાસો કરવા પડશે.

**- પટેલ દેવાંગ**

● કદાચ પાણી માટે ત્રીજું વિશ્વ યુધ્ધ થાય તો નવાઈ નહીં. ભારતમાં પણ કાવેરી અને બ્રહ્મપુત્રાના પાણીના વિવાદો છે જ. ચાલુ વર્ષની પાણીની તંગી માટે રૂપાણી સરકારના બેજવાબદાર વહીવટને દોષ આપી શકાય. સરદાર સરોવરનું પાણી રણમાં વહી ગયું ને સંકટ આવ્યું. હજુ આપણી પાસે રીઝર્વ ૨૨ મીટર સરદાર સરોવરનું પાણી છે. જેનો યોગ્ય વહીવટ કરી પીવાના પાણીની સમસ્યાને નિવારી શકાય એમ છે. હવે પાણી પણ પાણીના મુલે મળવાનું નથી એ સમજી લેવાનો



સમય પાકી ગયો છે.

**- તુષાર ધનેશ્વર**

● દેવાયત પંડીતનું કહેવું સાચુ પડી રહ્યું છે. પડીકે પાણી વેચાશે. આવનારા સમયના આયોજન વગર તંત્ર દ્વારા, જાહેર કાર્યક્રમો, નેતાઓ દ્વારા ચૂંટણી પ્રચાર અને પ્રજાની સ્વયં શિસ્તના અભાવે નર્મદાના નીર ખુટી પડયા છે. કુત્રિમ આપત્તિને આમંત્રણ આપ્યું છે.



પાણી બચાવવું એ સ્વયં શિસ્તની વાત છે છતાં કઠોર પગલાં અનિવાર્ય છે. પાણી માટે મીટર લગાવવા જોઈએ. વિલાયતી ટોઈલેટમાં વધુ પડતા પાણીના વપરાશનો અટકાવવો જોઈએ. દરેક ગામ કે શહેરમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

**- ગૌતમ પ્રજાપતિ**

## સે-૬ અપનાબજાર પાસેના કોમ્પ્લેક્ષ નજીકથી બિનવારસી મૃતદેહ મળ્યો

### આશરે ૪૨ વર્ષીય આધેડના મૃત્યુનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૬ અપનાબજાર પાસેના કોમર્શીયલ કોમ્પ્લેક્ષ નીચેથી આજે સવારના અરસામાં એક આધેડનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ઘટના અંગે પોલિસને જાણ થતા જમાદાર સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ મૃતકની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી ન આવતા તેની ઓળખ માટે પણ પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ આજે સવારે સેકટર-૬ અપનાબજાર પાસે ઉભા થયેલા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ ખાતે ચહલ-પહલ શરૂ થઈ ગઈ ત્યારે કોચીંગ કલાસીસમાં આવતા વિદ્યાર્થીઓનું ધ્યાન કોમ્પ્લેક્ષ પાસે પડેલા બિનવારસી મૃતદેહ ઉપર ગયું હતું. આશરે ૪૨ વર્ષીય આધેડનો મૃતદેહ જોઈ પોલિસને જાણ કરાતા સેકટર-૭ પોલિસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ ત્યાંથી ઉઠાવીને પોસ્ટમોર્ટમ કરાવી પોલિસે મૃત્યુ થયા પાછળનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે. જો કે પ્રાથમિક તપાસમાં બિમારીથી મૃત્યુ થયું હોવાની આશંકા છે. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને કોલ્ડરૂમમાં મુકયો છે. તેની ઓળખ માટે તથા વાલીવારસ સુધી પહોંચવા માટે ગતિવિધિ તેજ કરવામાં આવી છે. જો કે મોડી સાંજ સુધી તેની ઓળખ થઈ શકી ન હતી.

## ગાંધીનગરના કેમિસ્ટો હવે એચ-૧ રજીસ્ટર નિભાવશે

### જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આયોજિત માર્ગદર્શન વર્કશોપમાં શહેરના કેમિસ્ટોએ જિલ્લામાંથી ક્ષય નાબુદી માટે સહકાર આપવા કટિબધ્ધતા દર્શાવી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા શહેરના કેમિસ્ટો માટે ટીબી રોગ અંગે માર્ગદર્શન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં શહેરના ૫૦ જેટલા ખાનગી કેમિસ્ટો જોડાયા હતા જેમને ટીબી રોગ અંગે નિદાન-સારવાર તથા તેની દવાઓના વેચાણ માટે શિડયુલ-એચ-૧ રજીસ્ટર નિભાવવા સહિતનું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાંથી ક્ષય રોગને નાબૂદ કરવા જિલ્લા ક્ષય કેન્દ્ર એ કમર કસી છે. આ અંતર્ગત શહેરના કેમિસ્ટ એસોસિએશનના સહયોગથી માર્ગદર્શન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ




વર્કશોપમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મીનાબેન ચૌહાણે તમામ કેમિસ્ટોને ટીબી રોગના નિદાન, સારવાર તથા સાવચેતીઓ અંગે વાકેફ કર્યા હતા. જિલ્લામાં ટીબીની રોકથામ માટે જરુરી પગલાં ભરવા અંગે કેમિસ્ટોનો સહકાર પણ માંગવામાં આવ્યો હતો જે અંતર્ગત ટીબીની દવાઓનું વેચાણ કરતા કેમિસ્ટોએ એચ-૧ રજીસ્ટર નિભાવવા અંગે પણ પુરતી માહિતી આપી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ તબક્કે શહેરના તમામ કમિસ્ટોએ એચ-૧ રજીસ્ટર નિભાવવાની ખાતરી આપવા સાથે જિલ્લામાંથી ક્ષય રોગને નાબૂદ કરવા જિલ્લા ક્ષય કેન્દ્રને પુરો સહકાર આપવાની તત્પરતા દાખવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ડૉ. મીનાબેન ચૌહાણ તથા ગાંધીનગર કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ માનસિંગ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.

## બાલાજી અગોરા રેસીડેન્સીમાં રહેતી પરિણીતાએ નોંધાવી સાસરીયાઓ સામે ફરિયાદ

### સાસુ-સસરા અને પતિ સહિત પાંચ સાસરીયાઓ સામે શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર આવેલા ભાટ પાસે બાલાજી અગોરા રેસીડેન્સી ખાતે રહેતી પરિણીતાએ આજે અડાલજ પોલિસ સ્ટેશનમાં પોતાના પતિ અને સાસુ-સસરા સહિત પાંચ સાસરીયાઓ સામે ફરિયાદ આપી છે. લગ્ન થયા ત્યારથી વર્ષ ૨૦૧૩થી સાસરીયાઓ શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ આધારે પોલિસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

ભાટ ગામની સીમમાં આવેલા બાલાજી અગોરા રેસીડેન્સી ખાતે રહેતી પરિણીતા કૃપાલી ભગીરથ રાવલે આજે અડાલજ પોલિસ મથકમાં ફરિયાદ આપી છે. પતિ ભગીરથ નટવરભાઈ રાવલ, સસરા નટવરભાઈ રાવલ, સાસુ હંસાબેન રાવલ, નણંદ રૂપલબેન રાવલ અને દિયર ભાર્ગવ રાવલ સહિત સાસરીના પાંચ સભ્યો સામે પરિણીતા કૃપાલી રાવલે લગ્નના દિવસથી જ શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ આપતા અડાલજ પોલિસ મથકના પીએસઆઈ પરમારે ગુનો દાખલ કરી શારિરીક-માનસિક ત્રાસ સંદર્ભે બારીકાઈથી તપાસ શરુ કરી છે.

## મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨નો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

'મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨' અંતર્ગત ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૨૨ સુધીમાં મેલેરીયાને ગુજરાતમાં નિર્મૂલન કરવાનો ધ્યેય રાખેલ છે. જે અનુસંધાને ઔદ્યોગિક એકમોના સહકાર માટે તા. ૨૦-૨-૨૦૧૮ના રોજ ગેજીયા (જીઆઈડીસી) ગાંધીનગર અને આરોગ્ય શાખા મહાનગરપાલિકા ગાંધીનગરની સંયુક્ત ભાગીદારીથી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ઔદ્યોગીક એકમોના માલીકોની કાર્ય શીબીર યોજવામાં આવેલ. જેમાં વાહકજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા ફેક્ટરી વિસ્તારમાં મચ્છરના પોરાની ઉત્પત્તિ અટકાવવા લેવાના થતા પગલા અંગેની જાણકારી આપવામાં આવેલ અને સહિયારા પ્રયાસથી રોગમુક્ત કરવા અપીલ કરવામાં આવી.

કાર્યશીબીરમાં ગેજીયાના પ્રમુખ સમીરભાઈ ત્રિવેદી, ઉપ પ્રમુખ ચાણકય પટેલ તથા સેક્રેટરી નિતેશ પટેલ અને મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર જે.બી. બારૈયા, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી ડૉ. કે.આઈ. ગોસ્વામી, ગેજીયાના કારોબારી સભ્યો અને લગભગ-૧૦૦ જેટલા ફેકટરીઓના માલીકો હાજર રહેલ હતા.

## સે-૭-સી ખાતે પ્રાણાયામ-યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૭-સી ખાતે શિવશક્તી મંદિરના પ્રાંગણમાં તા. ૧૭ થી ૧૯મી ફેબ્રુઆરી દરમ્યાન પતંજલિ યોગસેવા સમિતિ તેમજ માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક પ્રાણાયામ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિરમાં હરિદ્વારની પતંજલિ યોગપીઠ ખાતે પ્રશિક્ષિત યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા યોગ-પ્રાણાયામ ઉપરાંત વિવિધ રોગો અંગે આયુર્વેદ તથા એક્યુપ્રેશર થેરેપીનું માર્ગદર્શન




આપવામાં આવ્યું હતું.

સે. ૭-સીના શિવશક્તિ મંદિરના પ્રાંગણમાં આયોજિત નિઃશુલ્ક પ્રાણાયામ યોગ શિબિરમાં મેદસ્વિતા, ડાયાબીટીશ, બ્લડપ્રેશર, સાંધાના દુખાવા, કમર દર્દ, થાયરોઈડ વગેરે જેવા રોગો અંગે આયુર્વેદ તથા એકયુપ્રેશર પદ્ધતિનું માર્ગદર્શન યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા આપવામાં આવ્યું હતું. સવારે ૪.૩૦ થી ૭ કલાક દરમ્યાન યોજાતા આ શિબિરનો સે. ૭ ઉપરાંત આસપાસના વિસ્તારના સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## સે-૨૪ શાકમાર્કેટ પાસે ઢોર પકડ પાર્ટી પર હુમલો

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં રખડતા ઢોર પકડવા નીકળતી ઢોર પકડ પાર્ટી ઉપર અગાઉ પણ અનેકવાર હુમલાઓ થઈ ચુકયા છે. આજે પણ ઢોર પકડ પાર્ટી ઉપર ટોળાએ હુમલો કર્યો હતો. સેકટર-૨૪માં ઢોર પકડીને શાકમાર્કેટ તરફ ઢોર પકડવા પહોંચેલી ઢોર પકડ પાર્ટીને ઉભી રખાવીને બાઈકો લઈને આવેલા ટોળાએ ગાળાગાળી અને ઝપાઝપી કરી દોરડા કાપીને પકડેલા ઢોરો છોડાવી ગયા હતા. જો કે મોડી સાંજ સુધી આ મામલે કોઈ પોલિસ ફરિયાદ નોંધાવી પામી ન હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આજે કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ સે-૨૪ વિસ્તારમાં રખડતા ઢોરો પકડવા નીકળ્યા હતા. ઢોરો પકડતા પકડતા સે-૨૪ શાકમાર્કેટ તરફ ઢોર પકડ પાર્ટી પહોંચી ત્યારે બપોરે બે વાગ્યાના અરસામાં બાઈકો લઈને ૫૦ જેટલા વ્યકિતઓનું ટોળુ આવ્યું હતું અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરીને ઝપાઝપી કરી ધારદાર છરા જેવા હથિયારથી પકડેલા ઢોરોની રસ્સી કાપી નાંખીને ઢોરો છોડાવી ટોળું ભાગી ગયું હતું. આ ઘટના અંગે કર્મચારીઓ સે-૨૧ પોલિસ સ્ટેશને ફરિયાદ કરવા ગયા હતા પરંતુ મોડી સાંજ સુધી આ મામલે કોઈ ફરિયાદ નોંધાવી પામી ન હતી તો બીજી તરફ પોલિસનું કહેવું છે કે કર્મચારીઓ અન્યત્ર ઢોર પકડવા જવાના હોવાથી પોલિસ પ્રોટેકશનની માંગણી માટે આવ્યા હતાં.

## ગાંધીનગર જિલ્લાની ૪૩૯ પ્રાથમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉત્સાહભેર ઉજવણી

### દહેગામ, કલોલ અને માણસાની વિવિધ પ્રાથમિક શાળાના ૪૩ હજારથી વધુ વિદ્યાર્થીઓએ નિબંધ, કવીઝ, ચિત્ર અને શબ્દ રમતની સ્પર્ધામાં ભાગ લીધો






ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ, કલોલ અને માણસાની કુલ- ૪૩૯ પ્રાથમિક શાળાઓમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે શાળાઓમાં નિબંધ, કવિઝ, ચિત્ર અને શબ્દ રમતો જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો આપણી માતૃભાષાનું ગૌરવ સમજે તેવા ઉમદા આશયથી આજ રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. જેમાં શાળાઓમાં પ્રાર્થના સભામાં શિક્ષકો દ્વારા વિધાર્થીઓને ગુજરાતી માતૃભાષા પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તથા ભાષા શુદ્ધ કરવા જોડણીદોષ દૂર થાય તેની પર ભાર મુકવામાં આવ્યો હતો. તે ઉપરાંત ઘણી શાળાઓમાં ગુજરાતી ભાષાના લેખકો અને કવિઓ વિષે બાળકોને માહિતી આપવામાં આવી હતી.

દહેગામની ૨૨૦, કલોલની ૧૧૯ અને માણસાની ૧૦૦ શાળાઓમાં વિશ્વ માતૃભાષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દહેગામની ૨૨૦ શાળાઓમાં ૭,૭૭૨ વિદ્યાર્થીઓ, કલોલની ૧૧૯ શાળાઓમાં ૨૨, ૫૬૪ વિદ્યાર્થીઓ અને માણસાની ૧૦૦ શાળાઓમાં ૧૨, ૭૭૧ વિદ્યાર્થીઓ મળી કુલ- ૪૩,૧૦૭ વિદ્યાર્થીઓએ નિબંધ, કવીઝ/વકૃતત્વ, ચિત્ર/સંગીત અને શબ્દ રમતની સ્પર્ધામાં ભાગ લીધો હતો, તેવું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું છે.

## પીડીપીયુ ખાતે હેપ્પીનેસ કોર્સ લોન્ચ કરાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે તેના તમામ હિસ્સેદારો માટે નવો 'હેપ્પીનેસ કોર્સ' લોન્ચ કરવામાં આવ્યો છે. આ કોર્સ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાર્વર્ડ યુનિ.ના હેપ્પીનેસ પ્રોગ્રામના મોડેલ આધારિત આ કોર્સ તેના થ્રીડી મોડલ સાથે સકારાત્મક મનોવિજ્ઞાનના સિધ્ધાંતોને આધિન તૈયાર કરવામાં આવ્યો છે.

ભારતીય પૌરાણિક વિચારધારા આધિન 'આત્મનિરીક્ષણ' પધ્ધતિનો ઉપયોગ કરી વ્યવસાયિકો માટે થ્રીડી મોડેલ સાથેના હેપ્પીનેસ કોર્સનો ઉદ્દેશ પીડીપીયુના હિસ્સેદારોને 'હેપ્પી' કરવાનો તેમજ હેપ્પીનેસને વધુમાં વધુ ફેલાવવાનો છે. આ કોર્સના લોન્ચિંગ પ્રસંગે જાણીતા હેપ્પીનેસ એક્ષ્પર્ટ ડૉ. યોગેશ મહુજાએ જણાવ્યું હતું કે, 'શૈક્ષણિક ક્ષેત્ર તથા જીવન સમૃધ્ધ બનાવતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહેશે.' ડૉ. યોગેશ મહુજા કોર્પોરેટ ટ્રેનર્સ તથા શિક્ષકો માટે વિવિધ સત્રનું




અન્ય સામાજિક ક્ષેત્રોમાં જીવનશૈલીને ઉત્કૃષ્ઠ બનાવી કૌશલ્ય વધારવા માટે આ પ્રકારના આયોજન કરતા હોય છે તેમજ આ કોર્સમાં પણ તેઓ જ તાલીમ આપશે.

## વાતવાતમાં

● નેપાળનું એક પ્રતિનિધિ મંડળ બુધવારે ગાંધીનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણના અભ્યાસ અર્થે આવી પહોંચ્યું હતું. આ પ્રતિનિધિ મંડળનો જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સહિતના અધિકારીઓએ આવકાર્યા હતા અને વિગતોથી વાકેફ કર્યા હતા.

● ગાંધીનગર વિધાનસભા સંકુલનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. વિધાનસભા સંકુલની કેન્ટિનમાં હવે ખુરશીની જગ્યાએ બાંકડાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## વાહનની રજીસ્ટ્રેશન બુકમાં વિલંબ થતા નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર આરટીઓ કચેરી દ્વારા આપવામાં આવતી વાહન રજીસ્ટ્રેશનની બુક એક મહિનો થવા છતા નાગરીકોને મળતી નથી, તો બીજી તરફ વાહન માલિકોને મેસેજ દ્વારા જાણ કરવામાં આવે છે કે વાહનની રજીસ્ટ્રેશન બુક સ્પીડ પોસ્ટથી મોકલી આપવામાં આવી છે. ત્યારે એક મહિનો થવા છતા વાહનની બુક ન મળતા આરટીઓના અણઘડ તંત્રને પગલે વાહનમાલિકો હેરાન થઈ ઉઠ્યા છે. ત્યારે વાહનની બુકમાં બિનજરૂરી વિલંબ થતા સેકટર-૫ ના જાગૃત નાગરીકે ઉચ્ચકક્ષાએ લેખિત ફરિયાદ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૫-બી ખાતે રહેતા એમ.યુ. કાગદીએ નવા વાહનની ખરીદી બાદ રજીસ્ટ્રેશન બાદ આરટીઓ કચેરી ગાંધીનગર તરફથી તા.૯મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ તેઓના મોબાઈલ ફોન પર એસએમએસ દ્વારા જાણ કરવામાં આવી છે કે તમારા વાહનનો દસ્તાવેજ સ્પીડ પોસ્ટથી મોકલી આપવામાં આવ્યો છે. આ મેસેજને ૧૨ દિવસનો સમય થતા સ્પીડ પોસ્ટ હોવા છતા વાહન માલિકને ન મળતા તેઓએ કચેરી ખાતે તપાસ કરતા માલુમ પડ્યું કે આરટીઓ કચેરી એક હજાર થી વધુ ટપાલ ભેગી થયા બાદ પોસ્ટમાં મોકલી આપે છે. જેને પગલે નાગરીકોને સ્પીડ પોસ્ટ કયારેક ૧૫ દિવસે તો કયારેક એક મહિને મળે છે. વાહનની બુક સ્પીડ પોસ્ટથી મોકલી આપેલ છે તેવો મેસેજ મળતા વાહન માલિક એક બે દિવસમાં સ્માર્ટ કાર્ડ મળી જશે તે મુજબની રાહ જોવા કરે છે. ત્યારે રોજ બરોજની ટપાલો રવાના કરવામાં આરટીઓ કચેરીને કંઈ મુશ્કેલી નડે છે. સ્પીડ પોસ્ટાના પૈસા ખર્ચીને, સરકારના પૈસા બગાડીને આરટીઓ કચેરીની કઈ સુવિધા સચવાય છે. તે અંગે તપાસ કરી જરુરી કાર્યવાહી કરવા લેખિત રજુઆત એમ.યુ.કાગદીએ વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારી અને વાહન વ્યવહાર કમિશનરને કરી છે. તેમજ વાહન માલિકોને સત્વરે પોતાના વાહનની રજીસ્ટ્રેશન બુક મળે તે માટે પણ ધ્યાન દોર્યું છે.

## દેહદાન-શ્રેષ્ઠદાન

ગાંધીનગર, તા.૨૧

સ્વ. શ્રી એમ.યુ. પુરોહિત ઉ.વ. ૮૬ પ્લોટ નં. ૨૮૭, સેકટર-૨૦નું તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ દુ:ખદ અવસાન થયેલ હતું. તેઓના કુટુંબીજન શ્રીમતી સુશીલાબેનની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન આપવામાં આવેલ છે.

ઉપરોકત દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવેલ છે. મેડીકલ કોલેજના ડૉ. હિરેન ચાવડા તથા ડૉ.ગુપ્તા, જુસીકાના કાર્યકર જયેન્દ્ર પરીખ, ડી.એમ. પરમાર, સહમંત્રી સીસીકા વિરેન બ્રહ્મભટ્ટ, ગણપતભાઈ મકવાણા આ કાર્યમાં સહભાગી બન્યા હતા.

## ચિરવિદાય

● સ્વ. હિનાબેન કિરીટકુમાર દેસાઈ, ઉ.વ. ૬૦